# આજે શહેરમાં કાળી ચૌદશનું પર્વ ઉજવાશે

## મહાકાળી-ભૈરવદાદા અને હનુમાનજીની આરાધનાનો મહિમા : ભૂત-પ્રેત-બુરી નજર વગેરેથી બચવા ‘કકળાટ’ કાઢવાની માન્યતા સામે રેશનાલિસ્ટોનું અંધશ્રદ્ધાની સામે જાગૃતિ અભિયાન : સ્મશાનમાં મધરાત્રીએ તાંત્રિક વિધીઓ અટકાવવા જાગૃત નાગરિકોની ચોકી રહેશે

ગાંધીનગર, તા. ર

આજે ધનતેરસના પાવન દિવસથી દિવાળીનો માહોલ છવાઈ ગયો છે. શહેરમાં આવતીકાલે બુધવારે કાળી ચૌદશનું પર્વ ઉજવાશે. આસો માસના વદપક્ષની ચૌદશની તિથી એટલે કાળી ચૌદશ જેને કેટલીક વ્યક્તિઓ નરક ચૌદશ તરીકે પણ ઉજવે છે. આ દિવસે યમરાજને દીપદાન આપવાનો અને હનુમાનજીને સિંદુર, તેલ, કાળા તલ અને અડદનો અભિષેક કરવાનો મહિમા છે. આ ઉપરાંત કાળીચૌદશે ઔષધિસ્નાન કરવાથી વ્યાધિથી મુક્તિ મળે છે અને દિર્ઘાયુ જીવન બને છે તેવી માન્યતા છે. આ સાથે ઘરમાંથી કકળાટ કાઢવાની માન્યતા પણ પ્રવર્તે છે.

આ વર્ષે નવરાત્રીના પર્વ દરમ્યાન એક તિથીનો ક્ષય હતો તેમજ દિવાળીના પર્વમાં ધનતેરસ







સાથે કાળી ચૌદશની તિથીનો સંગમ છે. દિપાવલીના આ સપરમા પર્વે કાળ ભૈરવની પૂજા-અર્ચનાનો મહિમા છે તે સાથે સાથે હનુમાનજી મહારાજની પણ આરાધનાનો દિવસ ગણાય છે. કાળી ચૌદશની રાત્રીએ ભુવા-તાંત્રિકો વગેરે દ્વારા સ્મશાન અથવા અગોચર જગ્યાએ મંત્ર-તંત્ર અને મેલી વિદ્યા સાથે વિવિધ ગુપ્ત વિધીઓ કરવામાં આવતી હોય છે જે એક પ્રકારે અંધશ્રદ્ધાને પ્રોત્સાહન આપે છે તેથી શ્રદ્ધાળુઓએ તેનાથી બચવું જોઈએ.

કાળી ચૌદશે યમરાજને પ્રસન્ન કરવા સૂર્યાસ્ત પછી દક્ષિણ દિશામાં દીપદાન કરવાથી અકાળ મૃત્યુ ટાળી શકાય છે તેવી માન્યતા છે તેમજ તલના તેલ સાથે ઔષધિ સ્નાન કરવાથી વ્યાધિથી મુક્તિ મળી દિર્ઘાયુ જીવન પ્રાપ્ત થતુ હોવાની પણ માન્યતા છે.

અનેક શ્રદ્ધાળુઓ કાળી ચૌદશના દિવસે મહાકાળી માતાજીની પૂજા સાથે શક્તિ ઉપાસના કરે છે. આ સાથે હનુમાનજીને સિંદૂર, તેલ, કાળા તલ, અડદ વગેરે ચઢાવવામાં આવે છે. ભૂત-પ્રેત પિચાશી શક્તિઓથી બચવા કાળી ચૌદશે હનુમાનજીને ભજીને ઘરમાંથી બુરી નજરને દૂર કરી ‘કકળાટ’ કાઢવા માટે દાળવડાં-ભજીયા બનાવી તેને ચાર રસ્તે પાણીનું કુંડાળુ કરીને તેમાં મુકી આવવામાં આવે છે.

જો કે આ બાબતો અંધશ્રદ્ધા સાથે જોડાયેલી હોવાનું માનવા સાથે રેશનાલિસ્ટો દ્વારા તેનો વિરોધ કરવામાં આવે છે. જેમાં અનેકવાર કાળી ચૌદશે તેમના દ્વારા રસ્તે મુકાયેલા દાળવડા ખાવાના કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. આ સાથે શહેરના સ્મશાનમાં કોઈ ભૂવા-તાંત્રિકો મેલીવિદ્યા કે તાંત્રિક વિધિ ના કરે તે માટે જાગૃત નાગરિકો ચોકી પહેરો ભરશે.

### કાળી ચૌદશે પૂજનનું મુહૂર્ત

કાળી ચૌદશ એ દિવાળીના ઉત્સવનો એક પવિત્ર દિવસ છે જેમાં વ્યક્તિઓ અંધશ્રધ્ધાથી દૂર રહીને સાચા દિલથી મહાકાળી દેવી કે અન્ય દેવી-દેવતાઓનું પૂજન કરી શકે છે. આ વર્ષે કાળી ચૌદશની તિથીનો પ્રારંભ તા. ૪થી નવેમ્બર બુધવારે સવારે ૬.૦૩ કલાકે થઈ જશે અને પૂજન માટે શુભ મૂહૂર્ત રાત્રે ૧૧.૪૧ થી ૧૨.૩૦ નો કુલ ૪૯ મિનિટનો સમય શ્રેષ્ઠ છે. આ સમયે શક્તિની આરાધના કરી શકાય છે.

### ખૂણેખાંચરેથી

- દિપાવલીની રજાઓના માહોલ વચ્ચે વિભાગોમાંથી નાની-નાની વિગતો માંગવામાં આવતા કર્મચારીઓ છેલ્લી ઘડીએ અટવાઈ જવા પામ્યા છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર શહેરમાં બી.એસ.એન.એલ.ની સેવાઓ ખુબ કથળી જવા પામી હોવાથી નગરજનો પણ હવે અકળાયા છે.
- જનસેવા કેન્દ્રમાં નાગરિક અધિકાર પત્રની સેવાઓનો વ્યાપ વધારવા સહિત કેટલાક મહત્વના સુધારા માટે મહેસુલ વિભાગ મંથન કરી રહ્યુ છે અને આ માટે એક સમિતિની પણ રચના કરવામાં આવી છે.
- વોઈસ ઓફ મહારાષ્ટ્રની ઓનલાઈન સિંગીંગ સ્પર્ધામાં રિલાયન્સના નિવૃત્ત વાઈસ પ્રેસિડેન્ટ ભદ્રાયુ બક્ષીને ‘‘સ્પેશ્યલ રેકનીઝેશન એવોર્ડ’’થી સન્માનિત કરવામાં આવ્યા છે.
- ગાંધીનગર સમાચારના ચિલોડા ખાતેના પત્રકાર નટુભાઈ પટેલના માતુશ્રી જોઈતીબેન પટેલનું ગઈકાલે રાત્રે દુ:ખદ અવસાન થયુ છે.
- આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીએ રાજ્યમાં વેક્સિનેશન અભિયાનમાં વેગ આવે તે માટે આઇ.એમ.એ.નો સહયોગ લેવા આજે વિડીયો કોન્ફરન્સ કરી સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યુ છે.
- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌતમ રજા પર જતાં તેમનો ચાર્જ ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રીને આપવામાં આવ્યો છે.



ગાંધીનગર શહેરના ‘ખ’ માર્ગ પરથી પસાર થઈ રહેલી કારના ચાલકે અચાનક જ કાર પરનો કાબુ ગુમાવતા કાર ખ-૩ સર્કલ પર ચડી ગઈ હતી. જોકે આ અકસ્માતમાં ગાડીની એરબેગ ખુલી જતાં ડ્રાયવરનો આબાદ બચાવ થવા પામ્યો હતો. અકસ્માતને લઈ નાગરિકોના ટોળે-ટોળા વળ્યાં હતા.

# બનાવટી મરણના દાખલા અને પેઢીનામું તૈયાર કરી જમીન પચાવવાનો કારસો

ગાંધીનગર, તા.ર

પાટનગરની નજીક ઉવારસદ ગામમાં આવેલી ખેતી લાયક જમીન પચાવી પાડવા માટે મરણના ખોટા દાખલા અને બનાવટી પેઢીનામું તૈયાર કરવાનો કારસો બહાર આવ્યો છે. મૂળ માલિકના વારસદારો જમીન પર ખેતી કરતા હોવા છતાં બનાવટી દસ્તાવેજોના આધારે સબ-રજિસ્ટ્રાર રૂબરૂ વેચાણ દસ્તાવેજ કરવાના મામલે અમદાવાદ, કલોલ અને દહેગામના પાંચ ઈસમ સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ઉવારસદના ખાંટવાસમાં રહેતા અમૃતજી શનાજી ઠાકોરે નોંધાવેલી ફરિયાદ મુજબ, ઉવારસદ ગામની સીમમાં તેમની વડીલોપાર્જિત ૧૯૪૨૮ ચોમી જમીન આવેલી છે. આ જમીનના રેકોર્ડ પર મોટા બાપા ભલાજી લલાજી, પિતા શનાજી લલાજી, ફોઈ શારદાબેન લલાજી, સીતાબેન લલાજીના નામ ચાલે છે. આ ચારેય વ્યક્તિ મૈયત ગયા છે અને જમીનમાં ફરિયાદી વાવેતર કરે છે. તેમણે જિલ્લા પોલીસ વડા સમક્ષ કરેલી અરજીની તપાસ બાદ આ મામલે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, સર્વે નં-૮૦વાળી જમીનમાં મૈયત ગયેલા ચારેય વ્યક્તિના સીધી લીટીના વારસદાર દીનાજી વેલાજી ઠાકોરની વારસાઈ નોંધ પડેલી હતી. દહેગામ તાલુકાના સાણોદા ગામે રહેતા દીનાજીને નાથીબેનના વારસદાર બતાવાયા હતા તથા અન્ય ત્રણેય જમીનમમાલિકને નિર્વંશ ગણાવાયા હતા. જમીનનું પેઢીનામું તેમજ સાણોદા ગ્રામપંચાયતના તલાટી રૂબરૂ પંચનામુ કરાયુ હતું. જેમાં શનાજી ભલાજી ઠાકોર અને ભલાજી લલાજી ઠાકોરના મરણના ખોટા દાખલા રજૂ થયા હતા. હકીકતમાં ફરિયાદીના દાદાને સંતાનમાં ત્રણ દીકરી તથા એક દીકરો છે અને તેમાં નાથીબેન નામની બહેનનો સમાવેશ થતો ન હતો. તેથી મરણના ખોટા દાખલા રજૂ કરી વારસાઈ નોંધ પડાવવા માટે પરાંત અદિકારી સમક્ષ તકરારી કેસ ચાલ્યો હતો અને તેમાં ફરીયાદીની તરફેણમાં વારસાઈ નોંધ નામંજૂર કરવા ઠરાવાયુ હતું.

જમીનની ખોટી વારસાઈ બાબતે કલેકટર સમક્ષ લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ અરજી કરતાં તેમણે જિલ્લા પોલીસ વડાને તપાસ સોંપી હતી. નાયબ કલેક્ટર સ્ટેમ્પ ડ્યુટીની તપાસમાં પણ વારસદાર તરીકે ખોટી નોંધ પડાઈ હોવાનું બહાર આવ્યું હતું. દિનાજી વેલાજી ચૌહાણ (ઠાકોર) રહે. રાણોદાને સાથે રાખી નરેન્દ્રકુમાર મગનભાઈ પરમાર, રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ નારણભાઈ પટેલ, કાનાજી ઉર્ફે જીગો પૂંજાજી ઠાકોરે ખોટા પેઢીનામાના આધારે વારસાઈની ખોટી નોંધ પડાવી હતી. તકરારી કેસ ચાલતો હોવા છતાં અને જમીનનું ટાઈટલ ક્લીયર સર્કિફિટે ઈશ્યૂ ન થવા છતાં રાજુભાઈ પટેલે જમીન પચાવી પાડવાના ઈરાદે જશવંત શંકરલાલ નાયક (રહે. નારદીપુર)ના નામે સબ રજિસ્ટ્રાર રૂબરૂ વેચાણ દસ્તાવેજ કર્યો હતો. આ મામલે અડાલજ પોલીસે પાંચેય ઈસમ સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ ઉપરાંત બનાવટી દસ્તાવેજો તૈયાર કરી ગુનાઈત કાવતરું રચવા બદલ ગુનો દાખલ કર્યો હતો.

# શહેરમાં ‘આયુર્વેદ ફોર પોષણ’ની થીમ આધારિત રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ’ ઉજવાયો



ગાંધીનગર, તા.ર

આજરોજ ધનતેરસના શુભ દિવસે છઠ્ઠા ‘રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ’ ની ‘આયુર્વેદ ફોર પોષણ’ ની થીમ પર ગાંધીનગરની આયુષ નિયામક કચેરી દ્વારા કોલવડા ખાતેના એસએમઆઈએએસ કેમ્પસમાં ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે સ્ટેટ મોડલ આયુર્વેદ કોલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે આયુર્વેદના આદિદેવ ભગવાન શ્રી ધન્વંતરિની જન્મજયંતી નિમિત્તે પૂજન અર્ચન કરી હવનમાં આહૂતિ આપવા સાથે આયુર્વેદ અને સ્વાસ્થ્ય અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ તથા નાયબ સચિવ વિકલ્પ ભારદ્વાજ ઉપસ્થિત રહ્યાં હતા. ઋષિકેશ પટેલે આયુર્વેદ કોલેજ અને હોસ્પિટલના અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ પોષણ સંબંધી વિવિધ વાનગીઓના ‘ખાદ્યાન્ન મહોત્સવ’નું ઉદઘાટન કરી વિવિધ વાનગીઓનું નિરીક્ષણ કર્યું ત્યારબાદ આયુર્વેદની દિવ્ય ઔષધિ એવી ગળોનું વિતરણ કર્યુ હતું. આ ઉપરાંત નિયામક કચેરી દ્વારા તૈયાર કરવામાં આવેલ પોષણ સંબંધી વિવિધ ચાર્ટનું પ્રદર્શન ઋષિકેશ પટેલેના જનસમુદાય માટે ખુલ્લુ મુક્યું હતું. આ સાથે દરેક રાજ્યનું પ્રતિનિધિત્વ કરતા દિવ્ય વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ પ્રસંગે ઉપસ્થિત માનનીય અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ દ્વારા આયુષ ને લગતી સરકારશ્રી દ્વારા અપાતી વિવિધ યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા અંગેનું ઉંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાત રાજ્યના આયુષના નિયામકશ્રી વૈદ્ય જયેશ એમ. પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## જિલ્લા પંચાયત ખાતે ધન્વંતરી યજ્ઞ, આયુર્વેદ પ્રદર્શન, સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ર

ધનતેરસના પવિત્ર દિવસને સમગ્ર દેશમાં રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આજરોજ ગાંધીનગર જિલ્લા પંચાયત આયુર્વેદ શાખા દ્વારા છઠ્ઠા રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણી જિલ્લા પંચાયત પટાંગણમાં કરવામાં આવી હતી.

રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણી નિમિત્તે આયુર્વેદ શાખા દ્વારા ધન્વંતરી યજ્ઞ, આયુર્વેદ પ્રદર્શન, સર્વ રોગ નિદાન કેમ્પ અને પ્રકૃતિ પરીક્ષણ કેમ્પ અને રોગ મુજબ યોગનું માર્ગદર્શન કેમ્પનું આયોજન આ સ્થળ ખાતે કરવામાં આવ્યું હતું. આ ધન્વંતરી યજ્ઞમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલ અને તેમના ધર્મ પત્ની મુખ્ય યજમાન પાટલે બેસીને પૂજા-વિધી સંપન્ન કરી હતી. આ યજ્ઞમાં ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોર, જિલ્લા પંચાયતના વિવિધ કમિટીના ચેરમેનો, સદસ્યો અને જિલ્લા પંચાયતના અધિકારીઓ અને કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા. યજ્ઞના અંતે સર્વે મહાનુભાવોના હસ્તે આહુતિ આપવામાં આવી હતી.

રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ નિમિત્તે યોજાયેલ આયુર્વેદ પ્રદર્શન, સર્વે રોગ નિદાન કેમ્પ અને પ્રકૃતિ પરીક્ષણ કેમ્પની મુલાકાત ગાંધીનગર જિલ્લા કલેકટર ડાૅ. કુલદીપ આર્યએ લીધી હતી. આ આયુર્વેદ પ્રદર્શનમાં રસોડાની અને આંગણાની ઔષધિઓ ઓળખો અને અપનાવો, આહાર આયુર્વેદ, માનસિક સ્વાસ્થ્ય વધારવા માટેનાં નિયમો- સદવૃત, હોમિયોપેથી અને વ્યસન મુક્તિ, મધુમેહ(ડાયાબીટીસ), શરીરની સ્થૂળતા, ઋતુચર્યા, આરોગ્યની જાળવણી માટે આયુર્વેદિક નિર્દેશો, હોમિયોપેથિક સારવાર અંગેની માહિતી કન્યાઓમાં પાંડુરોગ (એનીમીયા)ની હોમિયોપેથીક સારવાર, બાળકોમાં કુપોષણ અટકાવો, વેગવિધારણાથી થતાં રોગો, પ્રતિમર્શ નસ્ય અંગેની માહિતી આપવામાં આવી હતી.


## ધી અર્બન હેલ્થ સોસાયટી

**ગાંધીનગર મહાનગરપાલિકા, પ્રથમ માળ, એમ.એસ. બિલ્ડીંગ, સેક્ટર–૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧**

નેશનલ હેલ્થ મિશન પ્રોજેક્ટ અંતર્ગત કોર્પોરેશન પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, ગાંધીનગર હસ્તકની ધી અર્બન હેલ્થ સોસાયટીના નિયંત્રણ હેઠળના ‘‘સેન્ટર ફોર એક્શેલન્સ’’ તરીકે અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર, સેક્ટર-ર અને સેક્ટર-ર૯ કાર્યરત કરવાના હોય અને પ્રથમ જેની મુદત માર્ચ-ર૦રર સુધીની મંજુરી મળેલ હોય નીચે દર્શાવેલ વિગતે યોગ્ય લાયકાત ધરાવનાર નિષ્ણાંત તજજ્ઞો અઠવાડીયામાં બે દિવસ સેવાઓ આપવા રસ ધરાવતા હોય તેવા નિષ્ણાંત તજજ્ઞોએ જાહેરાત પ્રસિધ્ધ થયાના દિન-૦૭ માં પોતાના સ્વ હસ્તાક્ષરે માત્ર રજીસ્ટર પોસ્ટ એ.ડી. થી તથા જરૂરી લાયકાત અને અનુભવ અંગેના પ્રમાણપત્રો સહિત અરજી કરવાની રહેશે. રજીસ્ટર પોસ્ટ એ.ડી.ના કવર પર જે તે જગ્યા માટે અરજી કરેલ છે, તે જગ્યાનું નામ કવરની જમણી બાજુ લખવાનું રહેશે.

| No. | Name and Designation of Human resource | Cost Visit- 2 days per Week | Cost per Month |
|---|---|---|---|
| 1 | Part-time (Honorary Specialist) Physician (MD) | Rs.1500/- per Visit | Rs.12000/- |
| 2 | Part-time (Honorary Specialist) Orthopedic | Rs.1500/- per Visit | Rs.12000/- |
| 3 | Part-time (Honorary Specialist) Gynec | Rs.1500/- per Visit | Rs.12000/- |
| 4 | Part-time (Honorary Specialist) Pedia | Rs.1500/- per Visit | Rs.12000/- |
| 5 | Part-time (Honorary Specialist) Pathologist | Rs.1500/- per Visit | Rs.12000/- |
| 6 | Part-time (Honorary Specialist) ENT | Rs.1500/- per Visit | Rs.12000/- |
| 7 | Part-time (Honorary Specialist) Skin | Rs.1500/- per Visit | Rs.12000/- |
| 8 | Part-time (Honorary Specialist) Dentist | Rs.1500/- per Visit | Rs.12000/- |
| 9 | Part-time (Honorary Specialist) Ophthalmologist | Rs.1500/- per Visit | Rs.12000/- |
| 10 | Part-time (Honorary Specialist) Physiotherapist | Rs.1500/- per Visit | Rs.12000/- |

‘‘સેન્ટર ફોર એક્શેલન્સ’’ તરીકે અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર, સેકટર-ર અને સેકટર-ર૯ કાર્યરત કરવાના હોય અને પ્રથમ જેની મુદત માર્ચ-ર૦રર સુધીની મંજુરી મળેલ હોય નીચે દર્શાવેલ વિગતે ફિક્સ પગારની તદન હંગામી જગ્યાઓ મેરીટ થી ભરવાની હોય યોગ્ય લાયકાત ધરાવનાર ઉમેદવારોએ જાહેરાત પ્રસિધ્ધ થયાના દિન-૦૭ માં પોતાના સ્વ હસ્તાક્ષરે માત્ર રજીસ્ટર પોસ્ટ એ.ડી. થી તથા જરૂરી લાયકાત અને અનુભવ અંગેના પ્રમાણપત્રો સહિત અરજી કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | ખાલી જગ્યા | ફિક્સ માસિક પગાર |
|---|---|---|---|---|
| ૧ | કોમ્યુનીટી હેલ્થ ઓફિસર | ૧. CCCH પાસ કરેલ બોન્ડેડ ઉમેદવારોને સૌ પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવશે.<br>ર. CCCH નો કોર્ષ મ.જીષ્ઠ નર્સીંગ તથા પોસ્ટ બેઝીક B.Sc નર્સીંગના કોર્ષમાં જુલાઇ-ર૦ર૦ થી સામેલ કરેલ હોય જુલાઇ-ર૦ર૦ કે ત્યારબાદ પાસ થયા હોય તેવા B.Sc નર્સીંગ પાસ થયેલ ઉમેદવારો | ૦ર | રૂ. ર૫૦૦૦/- |

**અરજી મોકલવાનું સ્થળઃ-**

- ધી અર્બન હેલ્થ સોસાયટી,પ્રથમ માળ, એમ.એસ.બીલ્ડીંગ, સેકટર-૧૧, મહાનગરપાલિકા, ગાંધીનગર-૩૮ર૦ર૧૧.
- ઉપરોક્ત જગ્યા ભરવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના નિષ્ણાંત તજજ્ઞો, ઉમેદવારને સૌપ્રથમ પ્રાથમિકતા આપવામાં આવશે.
- સભ્ય સચિવશ્રી, અર્બન હેલ્થ સોસાયટી, ગાંધીનગર મહાનગરપાલિકા કોઈપણ કારણ દર્શાવ્યા વિના કોઈપણ અરજી સ્વીકારવા/નકારવાનો અબાધિત અધિકાર ધરાવે છે.

**સહી/-**

**જાહેરાત ક્રમાંક : /ર૦ર૧**
**તારીખ : /૧૧/ર૦ર૧**

**સભ્ય સચિવ (યુ.એચ.એસ) અને**
**મેડીકલ ઓફિસર (આરોગ્ય)**
**ગાંધીનગર**


## બનાવટી માવો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મીઠાઈ ફરસાણના વેપારીઓને ઘણીવાર તંત્રના બાબુઓની સેવા કરવી પડતી હોવાનો ગણગણાટ પણ આ વર્ષે પ્રબળ બન્યો છે. તંત્ર દ્વારા કેટલાક મીઠાઈ ફરસાણના સ્ટોર પરથી સેમ્પલ લઈને ચકાસણીના અંત બધુ સલામત હાવાનો દાવો કરવામાં આવે છે. જયારે બીજીતરફ શહેર નજીકના એક ખુંણામાં બનાવટી માવાનો વેપાર પુરબહારમાં ધમધમી રહ્યો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. બજારમાં મળતી મીઠાઈ સામે અનેકવાર સવાલો મંડરાયા છે. સાજ સજાવટ સાથે અવનવા ગીફટ પેકમાં મીઠાઈ આપીને હેપ્પી દિવાલીની શુભેચ્છા પાઠવવાનો ટ્રેન્ડ દિનપ્રતિદિન વધુ મજબુત બનતો જાય છે. ત્યારે માવાની મીઠાઈ ખાવા યોગ્ય છે કે નહીં તે વાતનો સંતોષકારક જવાબ હજુ સુધી મળતો નથી. ગાંધીનગર શહેર અને જિલ્લામાં પણ દિવાળીના પર્વ દરમિયાન મીઠાઈ બજારમાં અનોખો ધમધમાટ જોવા મળે છે. મીઠાઈ ફરસાણની વિશેષ ખરીદી થાય છે. ત્યારે હજુ પણ ડુપ્લીકેટ માવા બનાવાની હાટડીઓ ધમધમે છે. જેની સામે પણ ત્વરિત પગલા લેવાય તે અનિવાર્ય છે. શહેરમાં બજારમાં વેચાણ થતી ખાદ્યસામગ્રીની ગુણવત્તાના મામલે માત્ર વારે તહેવારે ઝુંબેશ હાથ ધરવના બદલે સમયાંતરે ચકાસણી થતી રહે તે પણ અનિવાર્ય છે. ચિલોડા પાસે પણ છેલ્લા કેટલાક સમયથી બનાવટી માવાનુ ઉત્પાદન થઇ રહ્યુ હોવાની તસવીરો પણ સામે આવી છે.

## ૫ હજાર નવા આવાસો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગેસ જોડાણ ,ફાયર ફાઈટર અને બગીચાની સુવિધા પણ અનિવાર્ય છે. દરેક વ્યકિતને એમ હોય પોતાનુ મકાન સુંદર હોય નાના મોટા સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમો પણ આવાસના સંકુલમાં જ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આગામી દિવસોમાં પણ નવા આવાસો બનાવાશે અને એકાદ વર્ષમાં આવાસ સંબંધિત માંગણી પણ સંપુર્ણ સંતોષાઈ શકે આગામી ર૦૩૦ સુધી ચાર થી પાંચ હજાર જેટલા ફલેટનુ નિર્માણ કરાશે. હાલ પણ નવા આવાસો બાંધવા જગ્યાનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે. જયારે હવે ગ્રાઉન્ડ પ્લસ વનની ડિઝાઈન ચાલે તેમ નથી. જેને અનુલક્ષી ટાવર કોલોનીના કન્સેપ્ટને વેગ અપાશે. સર્વેના અંતે નવા સ્થળની પસંદગી કરાશે હાલ આવાસ માટે વેઈટીંગ લીસ્ટ પણ લાંબુ છે. ત્યારે વિભાગના અધિકારીઓને પણ આ મામલે નવા આવાસનુ કામ પણ સમયસર હાથ ધરી શકાય તેવુ આયોજન કરવા માટે સુચના આપી દીધી છે.

## ધરપકડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમે તપાસમાં સંપૂર્ણ સહકાર આપ્યો છે અને આ કેસ ૪.૫ કરોડનો છે. જોકે, તેમણે કહ્યું હતું કે, અનિલ દેશમુખને કોર્ટમાં રજૂ કરવામાં આવશે ત્યારે તેઓ રિમાન્ડનો વિરોધ કરશે. નોંધનીય છે કે, ગત અનેક દિવસથી રહસ્યમ રીતે ગાયબ થઈ ગયેલા મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ગૃહપ્રધાન અનિલ દેશમુખ સોમવારે એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ (ઈડી)ની ઓફિસમાં હાજર થયા હતા. મની લોન્ડ્રિંગ અને ૧૦૦ કરોડ રૂપિયા વસૂલ કરવાના આરોપમાં દેશમુખ ઈડીના રડાર પર હતા. ઈડીના અધિકારીઓએ સોમવારે દેશમુખની ૧ર કલાક સુધી પૂછપરછ કરી હતી. મની લોન્ડ્રિંગના મામલામાં ઈડીએ દેશમુખને આશરે પાંચ વખત સમન્સ આપ્યા હતા તેમણે દેશમુખને પૂછપરછ માટે હાજર થવા કહ્યું હતું. પણ તેઓ એક પણ વખત ઈડીની ઓફિસમાં આવ્યા નહોતા. બીજી તરફ દેશમુખના ઘર અને ઓફિસમાં દરોડા પાડવામાં આવ્યા હતા. તેઓ કાર્યવાહીમાં રાહત મેળવવા કોર્ટમાં પણ ગયા હતા. સોમવારે, દેશમુખ ઈડીની ઓફિસમાં હાજર થતા ચકચાર મચી ગઈ હતી. દેશમુખ સાથે તેમના વકીલ પણ હતા. અગાઉ મુંબઈના માજી પલીસ કમિશનર પરમબીર સિંહે મુખ્યપ્રદાન ઉધ્ધવ ઠાકરેને પત્ર લખીને આરોપ કર્યો હતો કે, પૂર્વ પોલીસ ઓફિસર સચિન વાઝેને દર મહિને ૧૦૦ કરોડ રૂપિયા વસૂલ કરવાનો અનિલ દેશમુખે ટાર્ગેટ આપ્યો હતો. આ ‘લેટર બોમ્બ‘થી પોલીસ વિભાગ અને મહારાષ્ટ્રના રાજકારણમાં સનસનાટી ફેલાઈ ગઈ હતી. બાદમાં દેશમુખને ગૃહપ્રદાનનું પદ ગુમાવવું પડયું હતું.

## કેસમાં વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

મૉસ્કોમાં મૃતકોનો આંક મહત્તમ સંખ્યા સુધી પહોંચી જશે. કોરોનાના વધી રહેલા કેસોને ધ્યાનમાં રાખતા રશિયાના પ્રેસિડેન્ટ વ્લાદિમીર પુતિને તારીખ ૩૦ ઓક્ટોબરથી ૭ નવેમ્બર સુધી એક અઠવાડિયા માટે ‘પેઈડ હોલિડે‘ની જાહેરાત કરી દીધી છે. સિંગાપોરે ગુરુવારે કોરોના વાયરસના ૩,૪૩૯ નવા કેસો નોંધ્યા છે. વર્તમાનમાં હોસ્પિટલોમાં કુલ ૧,૬૧૩ કોવિડ દર્દીઓ દાખલ છે જેમાં ૩૪૬ ગંભીરરીતે બીમાર છે કે જેઓને ઓક્સિજન સપ્લિમેન્ટની જરૂર પડી રહી છે. જ્યારે ચીનમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાનમાં રાખતા ત્યાંના કેટલાંક વિસ્તારોમાં અધિકારીઓએ સ્કૂલ બંધ કરાવી છે અને ફલાઈટ્સ કેન્સલ કરી છે. કોરોના વાયરસના વધી રહેલા કેસોને ધ્યાનમાં રાખતા ચીને મોટાપાયે ટેસ્ટિંગ પણ શરૂ કરી દીધું છે.